## "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા દ્વારા રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ,દેશવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અને સ્વચ્છતા એ સેવા ઉદ્દઘાટન સમારોહની ઉજવણી"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા આજરોજ તા.૧૧/૦૯/૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વરદ હસ્તે રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ, દેશવ્યાપી કૃત્રિમ ગર્ભધારણ કાર્યક્રમ તથા સ્વચ્છતા એ જ સેવા જેવી યોજનાઓનો મથુરા ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયાએ કાર્યક્રમનો હેતુ સમજાવ્યો અને મહાનુભાવોનું શબ્દો દ્વારા સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં પધારેલ ૨૩–બારડોલી મત વિસ્તારના માનનીય સંસદસભ્યશ્રી પ્રભુભાઈ વસાવાએ વધુ દૂધ ઉત્પાદન અંગે ખેડૂતોને પ્રેરણા આપી, અખંડ ભારતમાં એકતા જાળવી રાખવા માટે પ્રોત્સાહન ભર્યુ ભાષણ આપ્યું તથા ઉકાઈ જળાશયોના કિનારા વિસ્તારના આદિવાસીઓના લાભાર્થે કાર્ય કરવા અંગે સૂચન કર્યુ. કાર્યક્રમ દરમ્યાન કેવીકે, વ્યારા ખાતે કુલ ૪૬ પશુઓને ખરવા મોવાસા રોગની રસી મુકવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે પણ એક પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પશુપાલન વિભાગ તાપીના પશુચિકિત્સક અધિકારીશ્રી ડૉ. બ્રિજેશ શાહ એ કૃત્રિમ બિજદાનની અગત્યતા, ડૉ. પી. કે. ફુલેત્રા દ્વારા પશુઓમાં રસીકરણનું મહત્વ તથા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી – તાપી શ્રી સતિષભાઈ ગામીત દ્વારા પીએમ–કિસાન અને પીએમ–કેએમવાય યોજનાઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સદરહું કાર્યક્રમમાં તાપી જિલ્લામાંથી કુલ ૧૦૮ ખેડૂત ભાઈઓ–બહેનોએ જીવંત પ્રસારણ નિહાળી ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે આભારવિધી ડૉ. સી. એમ. રાણા(નાયબ પશુપાલન નિયામક–તાપી)એ કરી હતી. આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેકટ–તાપી, જિલ્લા ખેતીવાડી અધિકારી–તાપી, પશુપાલન વિભાગના પશુચિકિત્સકો, ગ્રામસેવકો વિગેરે હાજર રહયાં હતાં.

